RP Web Solutions
RP WEB SOLUTIONS
Website For Everyone...
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૭, ◆ અંકઃ ૧૨, ◆ સળંગ અંકઃ ૮૪, ◆ તા.૨૧/૧૦/૨૦૨૩, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઈન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રાજયમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટે ૩૦ સપ્ટેમ્બર સુધી આપવામાં આવી છે અધધ ૨૧૦૦૦ જેટલી નોટિસો!!!

## કરદાતાઓમાં ચર્ચતો પ્રશ્ન શું તમને નોટિસ મળી???

તા. ૨૯.૦૯.૨૦૨૩ રાજ્ય જી.એસ.ટી. દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે અધધ ૨૧ હજાર જેટલી નોટિસો આપવામાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ નોટિસો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં આપવામાં આવનાર છે. આમ, એક કે બે દિવસમાં આ તમામ નોટિસો ઈ મેઈલ દ્વારા કરદાતાઓને આપી દેવામાં આવશે. આ નોટિસોમાં ખૂબ મોટા પ્રમાણમાં એવી નોટિસો આપવામાં આવી છે જ્યારે કરદાતાએ કરપાત્ર સાથે કરમુક્ત વસ્તુ કે સેવાની સપ્લાય પણ કરેલ હોય. આ નોટિસોમાં ઘણા પેટ્રોલ પંપનો સમાવેશ કરવામાં આવેલ છે જેમાં મહત્તમ વેચાણ નોન જી.એસ.ટી. માલ જેવા કે પેટ્રોલ, ડીઝલ નું થયેલ હોય અને કરદાતા દ્વારા આ નોન જી.એસ.ટી. માલની ક્રેડિટ લેવામાં આવેલ જ નથી અથવાતો ક્રેડિટ રિટર્નમાં દર્શાવી તેને રિવર્સ કરેલ છે. આ નોટિસો સિસ્ટમ જનરેટેડ ઊભી થયેલ હોય, માનવીય વિચારશક્તિનો ઉપયોગ કર્યા વગર આપવામાં આવ્યો હોય તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. આ નોટિસનો જવાબ આપવા માટે ૧ મહિના જેવી મુદત આપવામાં આવેલ છે. આ નોટિસનો જવાબ ના આપવામાં આવે તો કરદાતા સામે વસૂલાત (રિકવરી) ની વિધિ શરૂ કરવામાં આવી શકે છે. માટે આ નોટિસની ગંભીરતા સમજી જવાબ આપવો ખૂબ જરૂરી છે. આટલા મોટા પ્રમાણમા નોટિસો આપવામાં આવતા કરદાતાઓમાં એ પ્રશ્ન સામાન્ય બની ગયો છે કે શું તમને નોટિસ આવી??. આવી જ રીતે ટેક્સ પ્રોફેશનલ્સમાં એ પ્રશ્ન સામાન્ય બની ગયો છે કે તમારે કેટલાં અસીલોમાં નોટિસ આવી?? ખૂબ ટૂંકા ગાળામાં આ નોટિસો આટલા મોટા પ્રમાણમા આવતા કરદાતાઓમાં ભયનો માહોલ ઊભો થયો હોવાના સમાચાર મળી રહ્યા છે.

**પ્રતિક મિશ્રાણી, જુનાગઢ, ટેક્સ ટુડે**

# શું ગુજરાત રાજ્ય જી.એસ.ટી. દ્વારા આપવામાં આવેલ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની નોટિસ થઈ જશે 'ડ્રોપ'? બહાર પાડવામાં આવી આ અંગેની મહત્વની સૂચનાઓ

તા. ૧૨.૧૦.૨૦૨૩ સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડીયામાં ગુજરાત રાજ્ય જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ૨૧ હજાર જેટલી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે આપેલ હતી. આ નોટિસો એક સૉફ્ટવેર દ્વારા જનરેટ થયેલ હતી. વેપારીઓ અને ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સનો એવો આક્ષેપ હતો કે આ નોટિસો તદ્દન 'મિકેનિકલ' રીતે આપવામાં આવેલ છે અને તથ્યોથી ખૂબ અલગ છે. આ ઉપરાંત આ નોટિસોની કાયદેસરતા વિષે પણ અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા. ઘણા કરદાતાઓ સામે નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮માં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ઓડિટ, પત્રક ચકાસણી વગેરે કાર્યવાહી થઈ ગઈ હોવા છતાં ફરી નોટિસો આપવામાં આવી હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. આ બાબતે સ્ટેટ જી.એસ.ટી. ડિપાર્ટમેંટને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા વ્યાપાર મંડળ જેવા વ્યાપારી સંગઠનો તથા ગુજરાતના જી.એસ.ટી. પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશન એવા ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન સહિત ઘણા ટેક્સ પ્રોફેશનલ એસોસીએશ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી. ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા એક ખાસ સમિતિ બનાવી તકલીફોનો વિગતવાર ઉલ્લેખ કરી સ્ટેટ જી.એસ.ટી. ને વેપારીઓને સ્પર્શતા વિવિધ મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી.

આ તમામ રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય જી.એસ.ટી. દ્વારા આ નોટિસો અંગે એક અમુક વિશિષ્ટ સંજોગોમાં આપવામાં આવેલ નોટિસો 'ડ્રોપ' (રદ) કરવા સૂચના બહાર પાડવામાં આવેલ છે. આ સૂચનાઓના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે.

- જે કરદાતાઓમાં નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮ માટે ઓડિટની કામગીરી થઈ ગઈ હોય અને તેઓને ફરી નોટિસ મળેલ હોય તે નોટિસ 'ડ્રોપ' કરવામાં આવશે.
- જે કરદાતાઓમાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં રિટર્ન સ્કૃટીની (પત્રક ચકાસણી)ની કામગીરી હાથ ધરવામાં આવેલ હોય અને આ પત્રક ચકાસણીમાં સમાવિષ્ટ મુદ્દા ઉપર જો આ નોટિસ આપવામાં આવેલ હોય તો તે નોટિસો ડ્રોપ કરવામાં આવશે.
- જે કરદાતાઓમાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં એડવાઈઝરી કે સમન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ હોય અને આ એડવાઈઝરી કે સમન્સની કામગીરીમાં સમાવિષ્ટ મુદ્દા ઉપર જો આ નોટિસ આપવામાં આવેલ હોય તો તે નોટિસો ડ્રોપ કરવામાં આવશે.
- અન્વેષણની (કરદાતાને ત્યાં થયેલ તપાસ) કામગીરી હેઠળ જે કરદાતા ઉપર કાર્યવાહી ચાલુ હોય અથવા કલમ ૭૪ હેઠક કાર્યવાહી થનાર હોય તેવા કરદાતાઓ માટે આ IIT Big Data સૉફ્ટવેર તરફથી આપવામાં આવેલ નોટિસ ડ્રોપ કરવામાં આવશે. જો કે આ નોટિસ ડ્રોપ કરનાર અધિકારી દ્વારા આ બાબતે જે અધિકારી તપાસ અન્વયે કામગીરી કરનાર છે તે અધિકારીને જાણ કરવાની રહેશે.
- નાણાકીય ૨૦૧૭ ૧૮ માં જે મુદ્દા મુદ્દે હાલ નોટિસ આપવામાં આવેલ હોય તે અંગે અગાઉ કરદાતા દ્વારા DRC 03 ભરી આપવામાં આવેલ હોય અથવા તો કરદાતાને DRC 07માં આદેશ કરી આપવામાં આવ્યો હોય, તેવા કિસ્સામાં હાલની નોટિસ ડ્રોપ કરી આપવાની રહેશે.
- જે કિસ્સામાં માલની લેવડ દેવડ વગર માત્ર બિલ લેવામાં આવેલ હોય તેવા કિસ્સામાં કલમ ૧૨૨ હેઠળ કાર્યવાહી થનાર હોય તેવા કિસ્સામાં આ IIT Big Dataની નોટિસ ડ્રોપ કરી આપવાની રહેશે.
- જે કિસ્સામાં માત્ર HSNને આધાર ગણી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની ૧૭(૫) હેઠળ બ્લોક કરવાના કારણે જ નોટિસ આપવામાં આવેલ હોય અને આવા વેપારી ખરેખર આ ક્રેડિટ લેવા હક્કદાર હોય તેઓની આ નોટિસ પણ પત્રકને આધારે ચકાસણી કરી ડ્રોપ કરવાની રહેશે. અનિવાર્ય સંજોગો સિવાય કરદાતાઓ પાસેથી વિગતો મંગાવવાની રહેશે નહીં. આ પ્રકારના કરદાતાઓ માં એવા કરદાતાનો સમાવેશ થાય છે જે માલની ક્રેડિટ સામાન્ય રીતે આપવામાં આવતી નથી. પરંતુ આ ક્રેડિટ જે તે વસ્તુના વેપારીને ઉપલબ્ધ હોય છે. ઉદાહરણ તરીકે મોટર કાર કે સ્કૂટરની ક્રેડિટ સામાન્ય રીતે કરદાતાઓને મળતી નથી, પરંતુ આ માલનો વેપાર કરતાં વેપારીઓને આ વસ્તુઓની ક્રેડિટ મળતી હોય છે.
- કરપાત્ર અને કરમુક્ત માલ વેચાણ સંદર્ભે એવા વેપારીઓ કે જેઓએ માત્ર કરમુક્ત માલની ખરીદી કરી કરમુક્ત માલનું વેચાણ જ કરેલ છે, અને કોમન ક્રેડિટ વાપરેલ નથી તેવા કિસ્સામાં પત્રકો ઉપરથી ચકાસણી કરી આ નોટિસ ડ્રોપ કરવાની રહેશે. અનિવાર્ય સંજોગો સિવાય કરદાતાઓ પાસેથી વિગતો મંગાવવાની રહેશે નહીં.

ઉલ્લેખનિય છે કે આ સૂચના દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે કિસ્સાઓમાં ઉપરની વિગતો લાગુ પડતી ના હોય તેવા કરદાતાઓને ફરી આ અંગે જાણ કરવા પણ રાજ્ય વેરા વિભાગના અધિકારીઓને જણાવવામાં આવ્યું છે. આ જાણ કરી સમયમર્યાદામાં આ કાર્યવાહી કરદાતાઓને યોગ્ય સુનાવણીની તક આપી પુર્ણ કરવા પણ જણાવવામાં આવ્યું છે. આ સૂચનાઓમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે જે કેસોમાં નોટિસ ડ્રોપ કરવાની થાય છે તેવા કિસ્સામાં કરદાતા પાસે લેખિત જવાબ પણ લેવાનો રહેશે નહીં કે કરદાતાઓને રૂબરૂ પણ બોલાવવાના રહેશે નહીં. આ ઉપરાંત આ નોટિસ ડ્રોપ કર્યાની જાણ કરદાતાને કરવાની રહેશે. કોઈ કરદાતાને હેરાનગતિ ના પોહોચે તે બાબતે અધિકારીને અંગત ધ્યાન આપવા તાકીદ કરવામાં આવેલ છે.

આ અંગે વાત કરતાં શાશ્વત લીગલ લો ફર્મના મેનેજિંગ પાર્ટનર પ્રતિક મિશ્રાણી જણાવે છે કે ''આ સૂચનાઓથી અનેક નોટિસ ડ્રોપ કરવાની થશે. રાજ્ય જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ખૂબ ટૂંકા સમયમાં કરદાતાઓના હિતમાં આ SOP બહાર પાડી 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' પ્રત્યેની કટિબદ્ધતા સાબિત કરી છે.''

આ સૂચનાઓ રાજ્ય જી.એસ.ટી. દ્વારા બહાર પાડવામાં આવતા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સએ રાહતનો દમ લીધો છે તે બાબત ચોક્કસ છે. IIT Big Data સૉફ્ટવેર ઉપરથી જ માત્ર તૈયાર થયેલ ઘણી નોટિસો આ સાથે ડ્રોપ થશે તેવું જણાઈ રહ્યું છે. પરંતુ એ માનવું પણ ભૂલ ભરેલું છે કે રાજ્ય જી.એસ.ટી. દ્વારા આપવામાં આવેલ તમામ નોટિસો આ સૂચના અન્વયે ડ્રોપ થશે. તમામ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સહિતના વેપારી સંગઠનો તથા ટેક્સ પ્રોફેશનલ સંગઠનો દ્વારા આ સૂચના ત્વરિત લાવવા જે પ્રયાસો થયા તેની પણ વેપાર જગતે નોંધ લેવી જરૂરી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન આવ્યું કરદાતાની વહારે નોટિસો બાબતે સ્ટેટ જી.એસ.ટી.ના ઉચ્ચ અધિકારી સાથે કરી મુલાકાત

## છેલ્લા ૩ દિવસથી મોટા પ્રમાણમા કરદાતાઓને આપવામાં આવતી નોટિસ બાબતે ચીફ કમિશ્નરશ્રી સમીર વકીલ સાથે કરી મુલાકાત

## કાયદાકીય રીતે અયોગ્ય તથા હકીકતોના આધારે ભૂલ ભરેલી નોટિસો કરવામાં આવશે ડ્રોપઃ રાજ્ય જી.એસ.ટી.




તા. ૩૦.૦૯.૨૦૨૩ છેલ્લા ત્રણ દિવસથી રાજ્યભરના કરદાતાઓને મોટા પ્રમાણમા ૨૦૧૭ ૧૮ માટેની નોટિસો પાઠવવામાં આવી રહી છે. જાણવા મળતી માહિતી પ્રમાણે સમગ્ર રાજ્યમાં ૨૧ હજાર જેટલી નોટિસો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં આપવામાં આવનાર છે. મોટા પ્રમાણમા નોટિસો આપવામાં આવતા કરદાતાઓમાં ભય અને રોષની લાગણી પ્રસરી હોવાના અહેવાલો બહાર આવી રહ્યા હતા. આ બાબતની મહત્વતા સમજી ગુજરાતના જી.એસ.ટી. પ્રેકટિશનર્સના સૌથી મોટા એસોસીએશન એવા ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા તાત્કાલિક ધોરણે રાજ્ય જી.એસ.ટી. ના ઉચ્ચ અધિકારીઓ સાથે આ મુદ્દે બેઠક કરી હતી. આ બેઠકમાં રાજ્ય જી.એસ.ટી. વતી ચીફ કમિશ્નર શ્રી સમીર વકીલ, એડિશનલ કમિશ્નર શ્રી કિરણ ઝવેરી અને તેમની ટિમ સાથે ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોના પ્રમુખ શ્રી જયેશ શાહ તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં લાંબી ચર્ચાના અંતે અધિકારીઓ દ્વારા સંસ્થાને વિશ્વાસ આપવામાં આવ્યો હતો કે કાયદાકીય રીતે સાચી ના હોય તેવી તથા તથ્યોમાં ભૂલ હોય તેવી નોટિસો રદ (ડ્રોપ) કરવા એક SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર) ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. આ ઉપરાંત અગાઉ જે મુદાઓ ઉપર ASMT 10 અથવા ઓડિટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ હોય તેવા કેસોમાં પણ આ નોટિસ અથવા તો જે તે મુદ્દા ડ્રોપ કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા સરળ રીતે પૂર્ણ કરવામાં આવશે તેવું આશ્વાસન મિટિંગમાં ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓએ સંસ્થાને આપવામાં આવ્યું હતું. કાયદાકીય પ્રક્રિયામાં સાથ આપવા રાજ્ય જી.એસ.ટી. દ્વારા સંસ્થાને અપીલ કરવામાં આવી હતી. બેઠક અંદાજે દોઢ કલાક સુધી ચાલી હતી જે બાદ સંસ્થાના પ્રમુખ શ્રી જયેશ શાહ દ્વારા બેઠક ખૂબ હકારાત્મક રહી હોવાની માહિતી આપી હતી.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**






Best resort for Corporate events, Staff Tours etc. nr Diu

Flamingo Club & Resort

Why Flamingo is best for Corporate events??

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Diu Calling!!!

Amenities

- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

# ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર અને ડીસા ટેક્સ બાર એસોસીએશન દ્વારા જ્ઞાનોદય સેમિનારનું ડીસા ખાતે આયોજન

તા. ૦૯.૧૦.૨૦૨૩ તા.૦૭/૧૦/૨૦૨૩ને શનિવારના રોજ ડીસા ખાતે GSTBA અને ડીસા ટેક્ષ બાર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આર. એમ.શાહ પાઠશાળાનું સુંદર આયોજન કરવામાં આવેલું જેમાં C.A. અભય દેસાઈ - બરોડા દ્વારા સુંદર અને અસરકારક વકતવ્ય આપી સૌને ખુબજ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ સેમિનારમાં સમગ્ર ઉત્તર ગુજરાત માંથી ખુબજ મોટાપાયે વકિલો તથા ટેક્સ પ્રોફેશનલ્સ હાજર રહેલ હતા તેમજ સુરત,બરોડા તથા અમદાવાદથી પણ વકીલો તથા ટેક્સ પ્રોફેશનલ્સ હજાર રહેલ હતા. GSTBAના પ્રમુખ, સેક્રેટરી બંને કન્વીનર તથા ડીસા ટેક્ષ બારના પ્રમુખ, સેક્રેટરી તથા બનાસકાંઠા બારના પ્રમુખ, સેક્રેટરી હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડીસાના સીનીયર એડવોકેટ તથા ડીસા બાર તથા બનાસકાંઠા અને ઉત્તર ગુજરાત બારના ભૂતપૂર્વ પ્રમુખ શાંતીલાલ સી. ઠક્કરે કરેલ હતું. CA અભયભાઈ દેસાઈ દ્વારા સૌને ખુબજ રસપ્રદ અને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. **બ્યૂરો રિપોર્ટ, ટેક્સ ટુડે**





# વડોદરા ખાતે ટેક્સેશન વિષય ઉપર યોજાયો સેમિનાર ઓલ ગુજરાત ફેડરેશન તથા બરોડા ટેક્સ બાર એસો. દ્વારા સંયુક્ત આયોજન

## વાણિજ્ય ભવન વડોદરા ખાતે યોજાયેલ આ સેમિનારમાં ૨૨૫ થી વધુ સભ્યો રહ્યા ઉપસ્થિત







તા. ૦૭.૧૦.૨૦૨૩ ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ અને બરોડા ટેક્સ બાર એસોસિએશન, બરોડા ના સંયુક્ત ઉપક્રમે ઈન્કમટેક્સ અને જીએસટી કાયદા અન્વયે સેમિનાર યોજાયો. આ સેમિનારમાં એજીએફટીસી પ્રમુખ સીએ રવી શાહ, બીટીએ પ્રમુખ કેતન શાહ, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ વિશ્વેશ શાહ, વાઇસ પ્રેસિડેન્ટ સુનિલભાઈ શાહ એજીએફટીસી મંત્રી અમિત સોની, બીટીએ મંત્રી રવિભાઈ પટેલ,વક્તાશ્રી સીએ મિતીશ મોદી અને એડવોકેટ સમીર સિદ્ધપુરિયા ના વરદ હસ્તે ઉદઘાટિત કરવામાં આવેલ હતો. ઈન્કમટેક્સ વિષય પર વક્તા શ્રી સીએ મિતીશ મોદી અને જીએસટી વિષય પર એડવોકેટ શ્રી સમીર સિદ્ધપુરિયા એ ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેન્ટર ઝોનના બંને એસોસિએશનના કારોબારી સભ્યો, જનરલ સભ્યો વડોદરા,અમદાવાદ, આણંદ, નડિયાદ, ગોધરા, ટેક્ષ વ્યવસાયિઓ મોટી સંખ્યામાં જોડાઈ આ સેમિનારને સફળ બનાવેલ. **અમિત સોની, ટેક્સ ટુડે, નડિયાદ**

# અપીલ માટેનો સમય ચૂકી ગયા હોય તેવા કરદાતા માટે ફરી એક તક!!

### ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી મસ મોટી 'ડિમાન્ડ' આદેશ સામે અપીલ કરવાની મુદત પૂર્ણ થયેલ હોય તેવા કરદાતાઓને આપવામાં આવી વધુ એક તકઃ

તા. ૦૮.૧૦.૨૦૨૩ જી.એસ.ટી. લાગુ થયાને છ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. ૦૧.૦૭.૨૦૨૭ થી લાગુ થયેલ જી.એસ.ટી. હેઠળ અનેક કરદાતાઓ સામે અનેક આદેશ પસાર કરી મસ મોટી 'ડિમાન્ડ' ઊભી કરવામાં આવી છે. આ 'ડિમાન્ડ'માં ટેક્સ, વ્યાજ તથા દંડનો સમાવેશ થતો હોય છે. આ 'ડિમાન્ડ'ને લગતા આદેશો સામે સામાન્ય રીતે કરદાતા દ્વારા આદેશ મળ્યાના ૯૦ દિવસમાં અપીલ કરવાની રહેતી હોય છે. આ ઉપરાંત ૩૦ દિવસ સુધીમાં એટ્લે કે આદેશ મળ્યાના ૧૨૦ દિવસમાં 'ડીલે કોંડોનેશન' સાથે અપીલ કરવાની તક કાયદા દ્વારા આપવામાં આવેલ છે. પરંતુ એવા અનેક કિસ્સા સામે આવી રહ્યા છે જેમાં કરદાતા દ્વારા નિયત સમયમર્યાદામાં અપીલ દાખલ કરેલ નથી. આવા સંજોગોમાં કરદાતાની 'ડિમાન્ડ'ની રકમ કાયમી બિનવિવાદિત બની જતી હોય છે અને જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આ રકમની વસૂલાત કરવા પ્રયાસ હાથ ધરવામાં આવતા હોય છે. આ પ્રકારના મુદ્દાને લઈ ગુજરાત હાઈકોર્ટ સહિત અનેક હાઈકોર્ટમાં અરજીઓ થઈ હોવાની માહિતી મળી રહી છે.

આ મુશ્કેલી નિવારવા ૭ ઓક્ટોબરના રોજ વિજ્ઞાન ભવન દિલ્હી ખાતે મળેલ જી.એસ.ટી. કાઉન્સીલની બેઠકમાં આ અંગે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. કરદાતાના હિતમાં ૩૧ માર્ચ ૨૦૨૩ સુધીમાં પસાર કરવામાં આવેલ કોઈ આદેશ સામે અપીલ કરી શકવામાં કરદાતા નિષ્ફળ ગયા હોય અથવા તો કરદાતા દ્વારા અપીલ કરવામાં આવેલ હોય પરંતુ આ અપીલ આ સમયમર્યાદાના કારણે નામંજૂર કરવામાં આવેલ હોય, તેવા કરદાતાઓ માટે ખાસ યોજના બહાર પાડવા જી.એસ.ટી. કાઉન્સીલમાં ભલામણ કરવામાં આવેલ છે. આ યોજના મુજબ આવા કરદાતાઓને અપીલ કરવા માટે ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીનો સમય આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા અપીલ કરનાર કરદાતાએ અપીલની પ્રિ ડિપોઝિટ તરીકે વિવાદિત રકમના ૧૨.૫% (સામાન્ય રીતે ૧૦% પ્રિ ડિપોઝિટ ભરવાની થતી હોય છે) ભરવાની રહેશે. આ ઉપરાંત આ પ્રિ ડિપોઝિટ પૈકી ઓછામાં ઓછી ૨૦% રકમ કેશ લેજર દ્વારા ભરવાની રહેશે. બીજા શબ્દોમાં કહીએ તો આ પ્રિડિપોઝિટની ઓછામાં ઓછી રકમ કરદાતા દ્વારા રોકડમાં ચલણ સ્વરૂપે ભરવાની રહેશે અને આ રકમમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપલબ્ધ હોય છતાં ૨૦% રકમતો રોકડમાં ભરવી ફરજિયાત રહેશે. જી.એસ.ટી. કાઉન્સીલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ એક મહત્વની રાહત છે અને આ કારણે ઘણા કરદાતાઓને ફાયદો થશે તે ચોક્કસ છે.

આ બાબતે વાત કરતાં શાશ્વત લીગલ 'લો ફર્મ'ના પાર્ટનર અને વલસાડના જાણીતા ટેક્સ એડવોકેટ અલ્પેશ ઉપાધ્યાય જણાવે છે કે ''આ યોજના ખરેખર કરદાતાઓને ઉપયોગી થશે તે ચોક્કસ છે. જમીની સ્તરે આવા ઘણા કરદાતાઓ છે કે જેઓ જી.એસ.ટી. હેઠળ સમયમર્યાદામાં અપીલ કરવાનું ચૂકી ગયા છે. આવા કરદાતા હાલ ખૂબ મુશ્કેલ સ્થિતિનો સામનો કરી રહ્યા છે. સરકાર માટે પણ આ આદેશોની વસૂલાત ખૂબ મુશ્કેલ છે. આ બન્ને મુશ્કેલ પરિસ્થિતીનું નિવારણ આ યોજના દ્વારા આવી શકે છે. મારા મતે આ યોજનાને વધુ અસરદાર બનાવવા પ્રિ ડિપોઝિટના નિયમને કેસના ગુણ દોષ જોઈ અમુક ખાસ કિસ્સામાં ઓછી કરવાની સત્તા પણ અધિકારીને આપવી જોઈએ. આ ઉપરાંત આ યોજના માત્ર 'ડિમાન્ડ ઓર્ડર' સામે જ લાગુ કરવામાં આવશે તેવું જણાય રહ્યું છે. પરંતુ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન રદ્દ થયાની પણ અનેક આપીલો આ કારણસર નામંજૂર થયેલ છે. આ પ્રકારના કિસ્સા માટે પણ આ યોજના લાગુ કરવામાં આવી હોત તો વધુ કરદાતાઓને એનો લાભ મળી શક્યો હોત. પણ આમ છતાં આ રાહત પણ ખૂબ મહત્વની છે તે બાબતે કોઈ બે મત નથી. કરદાતાઓએ આ રાહતનો લાભ લઈ જલ્દીમાં જલ્દી અપીલ દાખલ કરી આપવી જોઈએ.''

આ રાહતની અમલવારી અંગે સરકાર દ્વારા જાહેરનામું ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે ત્યારેજ આ યોજનાની વિગતો જાણવી શક્ય બનશે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## સપ્ટેમ્બર મહિનાનું જી.એસ.ટી. કલેક્શન ૧૬૨૭૧૨ કરોડને પાર પ્રથમ છ માસિક ગાળાનો જી.એસ.ટી. ૯,૯૨,૫૦૮ કરોડ રહેવા પામ્યો




૦૧.૧૦.૨૦૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩ ના જી.એસ.ટી. કલેક્શનના આંકડા બહાર પાડવામાં આવ્યા છે. આ આંકડા અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૩નું ગ્રોસ જી.એસ.ટી. કલેક્શન ૧,૬૨,૭૧૨ કરોડ રહેવા પામ્યું છે, જે વાર્ષિક ધોરણે (Y2Y) 10%ની વૃદ્ધિ દર્શાવે છે. આ જી.એસ.ટી. કલેક્શનમાં CGST ૨૯,૮૧૮ કરોડ, SGST ૩૭,૬૫૭ કરોડ, IGST ૮૩,૬૨૩ કરોડ તથા સેસ ૧૧૬૧૩ કરોડ રહેવા પામ્યો છે. આ સાથે આ નાણાકીય વર્ષમાં આ ચોથી વાર જી.એસ.ટી. કલેક્શન ૧.૬૦ લાખ કરોડને પાર રહેવા પામ્યું છે. આ સાથે જ પ્રથમ છ માસ માટેનું જી.એસ.ટી. કલેક્શન ૯,૯૨,૫૦૮ કરોડ રહેવા પામ્યું છે જે વાર્ષિક ધોરણે (Y2Y) ૧૧%ની વૃદ્ધિ દર્શાવે છે. પ્રથમ છ મહિનાનું એવરેજ જી.એસ.ટી. કલેક્શન ૧.૬૫ કરોડ જેટલું રહેવા પામ્યું છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# Know Cash for No Cash...ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ રોકડ વ્યવહારોના નિયમો જાણો અને દંડથી બચો!! (ભાગ ૧)

**By Bhavya Popat**
૦૯.૧૦.૨૦૨૩

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક વ્યવહારો રોકડમાં કરવા પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ પ્રકારે રોકડ વ્યવહારો ઉપર પ્રતિબંધ લાગુ કરવાનો મુખ્ય હેતુ લોકોને કળા નાણાંની હેરફેરથી બચાવવાનો રહેલો છે. ક્યારેક જાણી જોઈને તો ક્યારેક અજાણતા આ પ્રકારના વ્યવહારો વ્યક્તિ દ્વારા થઈ જતાં હોય છે જેની ગંભીર કિંમત ચૂકવવી પડતી હોય છે. આ પ્રકારના વર્જિત વ્યવહારો વિષે આ લેખમાં માહિતી આપવામાં આવેલ છે. આ પ્રકારના વ્યવહારોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય.

૧. ધંધાકીય એકમ માટે પ્રતિબંધિત રોકડ વ્યવહારો
૨. તમામ વ્યક્તિઓ માટે પ્રતિબંધિત રોકડ વ્યવહારો

**ધંધાકીય એકમ માટે વર્જિત રોકડ વ્યવહારોઃ**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક ખાસ પ્રકારના વ્યવહારો રોકડમાં કરવા ઉપર ધંધાકીય એકમ માટે વર્જિત કરવામાં આવ્યા છે. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૪૦અ(૩) હેઠળ ૧૦૦૦૦/- (દસ હજાર) ઉપરના કોઈ પણ ખર્ચની ચુકવણી કોઈ એક વ્યક્તિને, એક દિવસમાં રોકડમાં કરવાની મનાઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો ધંધાકીય એકમ ૧૦૦૦૦/- થી વધુનો કોઈ પણ ખર્ચ રોકડમાં કરી શકે નહીં. અત્રે એ બાબત સમજવી પણ જરૂરી છે કે આ ખર્ચની વ્યાખ્યામાં ધંધાકીય એકમની માલની ખરીદીનો પણ સમાવેશ થઈ જાય છે.

**આ નિયમમાં છે કોઈ અપવાદ?**

ઉપર જણાવેલ નિયમમાં અમુક આપવાદો આપવામાં આવેલ છે. કોઈ માલના ટ્રાન્સપોર્ટ માટેનો કોઈ ખર્ચ જ્યારે કોઈ ધંધાકીય એકમ દ્વારા કરવામાં આવતો હોય ત્યારે ૧૦૦૦૦/-ની આ મર્યાદા ૩૫૦૦૦/- સુધીની ગણવાની રહે છે. અન્ય અપવાદની વાત કરીએ તો ઈન્કમ ટેક્સ હેઠળ કલમ 44AD, 44ADA, 44AE જેવી વિશિષ્ટ જોગવાઈ હેઠળ પોતાની આવક દર્શાવતા નાના કરદાતાઓ માટે રોકડ અંગેનો આ નિયમ લાગુ પડતો નથી. આ ઉપરાંત કરદાતા દ્વારા એમ સાબિત કરવામાં આવે કે અનિવાર્ય સંજોગોના કારણે તેઓએ ફરજિયાત આ ખર્ચ રોકડમાં કરવો જરૂરી હતો, ત્યારે આકારણી અધિકારી પાસે વ્યવહારની યોગ્યતાના આધારે આ ખર્ચ રોકડમાં હોવા છતાં મંજૂર કરવાની સત્તા હોય છે. આ તકે એ જાણવું જરૂરી છે કે આ નિયમ માત્ર ધંધાને લગતા રોજબરોજના ખર્ચને જ નહીં પરંતુ કોઈ મિલ્કત ખરીદવા, બાંધકામ કરવામાં પળ લાગુ પડતો હોય છે.

**આ જોગવાઈનો ભંગ કરવામાં આવે ત્યારે શું પરિણામ આવે?**




ઉપર જણાવેલ રોકડ અંગેની જોગવાઈનો ભંગ કરવામાં આવે તો કરદાતા દ્વારા કરવામાં આવેલ ખર્ચ નામંજૂર થતો હોય છે. ઉદાહરણ તરીકે કોઈ ધંધાકીય એકમ દ્વારા ૧૦૦૦૦૦/- (એક લાખ) ની ખરીદી કરવામાં આવી છે, જેની ચુકવણી બેંકિંગ વ્યવહારો દ્વારા નહીં પણ રોકડમાં કરવામાં આવી છે. આવા સંજોગોમાં ધંધાકીય એકમને ખર્ચ તરીકે ૧ લાખ બાદ મળશે નહીં. આમ, રોકડમાં વ્યવહાર વર્જિત હોવા છતાં ધંધાકીય એકમ દ્વારા આ વ્યવહાર રોકડમાં કરવામાં આવ્યા હોય ત્યારે ધંધાકીય એકમનો નફો ૧૦૦૦૦૦/- જેટલો વધી જતો હોય છે. આમ, તેઓની ટેક્સ ભરવાની જવાબદારી પણ આ એક લાખની રકમ ઉપર આવતી હોય છે. કોઈ મિલ્કત ખરીદી, બાંધકામ સંદર્ભે જો આ મર્યાદા ઉપર કોઈ ખર્ચ રોકડમાં કરવામાં આવ્યો હોય તો કરદાતાને આ મિલ્કત, બાંધકામ સંદર્ભે ઘસરાનો લાભ આપવામાં આવતો નથી.

**તમામ વ્યક્તિઓ માટે વર્જિત રોકડ વ્યવહારોઃ**

**રોકડમાં લોન કે ડિપોઝિટ તથા અન્ય રકમ લેવા ઉપર પાબંદી**

ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 269SS હેઠળ કોઈ પણ વ્યક્તિ ૨૦,૦૦૦ (૨૦ હજાર) કે તેથી વધુ રકમની લોન, ડિપોઝિટ કે અન્ય નિયત કરેલ રકમ રોકડમાં લઈ શકતા નથી. આ નિયત કરેલ રકમ એટ્લે કોઈ પણ સ્થાવર મિલકતના વેચાણ સંદર્ભે એડવાન્સ તરીકે લેવામાં આવતી રકમનો સમાવેશ થાય છે. આમ, કોઈ પણ વ્યક્તિ કોઈ દ્વારા કોઈ લોન કે ડિપોઝિટ કે મિલ્કત પેટે એડવાન્સ ૧૯,૯૯૯/-ની રકમ સુધી જ રોકડમાં લેવાની પરવાનગી આપવામાં આવેલ છે. ૨૦,૦૦૦ કે તેથી ઉપરની કોઈ પણ લોન, ડિપોઝિટ કે મિલ્કત પેટે એડવાન્સ રોકડ દ્વારા લેવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

**આ નિયમમાં છે કોઈ અપવાદ?**

હા, આ નિયમ સરકાર પાસેથી લેવામાં આવેલ કે સરકારને આપવામાં આવેલ લોન, ડિપોઝિટ ને લાગુ પડતો નથી. આ ઉપરાંત બેન્કો પાસેથી લોન લેવામાં આવે ત્યારે આ નિયમ લાગુ પડતો નથી. આ બેન્કમાં પોસ્ટ ઓફિસ બેન્ક, સહકારી બેન્ક સહિત તમામ બેન્કોનો સમાવેશ થઈ જાય છે. હા, સહકારી ક્રેડિટ સોસાયટીનો સમાવેશ આ નિયમના અપવાદમાં કરવામાં આવ્યો નથી. આમ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીને આ નિયમ લાગુ પડે છે અને ૨૦૦૦૦ કે તેથી ઉપરની લોન કે ડિપોઝીટ રોકડમાં લેવી વર્જિત છે. આ ઉપરાંત જ્યારે લોન કે ડિપોઝિટ અથવા મિલ્કત પેટે એડવાન્સ લેનાર તથા આપનાર બન્ને માત્ર ખેતીનીજ આવક ધરાવતા હોય અને અન્ય કોઈ આવક ધરાવતા ના હોય તેવા સંજોગોમાં આ નિયમ તેઓને લાગુ પડશે નહીં. એક બાબત યાદ રાખવી જરૂરી છે કે કોઈ પણ ખેડૂત હોય તેઓને આજના જમણામાં ખેતી ઉપરાંત બેન્ક વ્યાજની આવક તો હોય જ છે. આમ, મોટા ભાગના ખેડૂતો આ અપવાદથી બહાર નીકળી જતાં હોય છે.

**આ જોગવાઈનો ભંગ કરવામાં આવે ત્યારે શું પરિણામ આવે?**

આ જોગવાઈનો ભંગ કરવામાં આવે ત્યાર વ્યક્તિ ઉપર જેટલી રકમ રોકડમાં લેવામાં આવી છે તેટલી રકમનો દંડ થઈ શકે છે.

**રોકડમાં લોન કે ડિપોઝિટ તથા અન્ય રકમની પરત ચૂકવની ઉપર પાબંદી**

ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨૬૯જજ હેઠળ કોઈ પણ વ્યક્તિ ૨૦,૦૦૦ (૨૦ હજાર) કે તેથી વધુ રકમની લોન, ડિપોઝિટ કે અન્ય નિયત કરેલ રકમ રોકડમાં ચૂકવી શકતા નથી. આ નિયત કરેલ રકમ એટ્લે કોઈ પણ સ્થાવર મિલકતના વેચાણ સંદર્ભે એડવાન્સ તરીકે લીધે રકમ પરત ચૂકવવામાં આવતી રકમનો સમાવેશ થાય છે. આમ, કોઈ પણ વ્યક્તિ કોઈ દ્વારા કોઈ લોન કે ડિપોઝિટ કે મિલ્કત પેટે એડવાન્સ ૧૯,૯૯૯/- ની રકમ સુધી જ રોકડમાં પરત ચૂકવવાની પરવાનગી આપવામાં આવેલ છે. ૨૦,૦૦૦ કે તેથી ઉપરની કોઈ પણ લોન, ડિપોઝિટ કે મિલ્કત પેટે એડવાન્સ રોકડ દ્વારા પરત ચૂકવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ રકમ વ્યાજ સાથે પણ જો ૨૦૦૦૦/- કે તેથી વધુ હોય તો આ નિયમ લાગુ પડી જતો હોય છે.

**આ નિયમમાં છે કોઈ અપવાદ?**

હા, આ નિયમ સરકાર પાસેથી લેવામાં આવેલ કે સરકારને પરત ચૂકવવામાં આવેલ લોન, ડિપોઝિટ પરત કરવાને લાગુ પડતો નથી. આ ઉપરાંત બેન્કો પાસેથી લીધેલ લોન પરત કરવામાં આવે ત્યારે લાગુ પડતો નથી. આ બેન્કમાં પોસ્ટ ઓફિસ બેન્ક, સહકારી બેન્ક સહિત તમામ બેન્કોનો સમાવેશ થઈ જાય છે. હા, સહકારી ક્રેડિટ સોસાયટીનો સમાવેશ આ નિયમના અપવાદમાં કરવામાં આવ્યો નથી. આમ કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીને આ નિયમ લાગુ પડે છે અને ૨૦૦૦૦ કે તેથી ઉપરની લોન કે ડિપોઝીટ રોકડમાં પરત કરવી વર્જિત છે.

**આ જોગવાઈનો ભંગ કરવામાં આવે ત્યારે શું પરિણામ આવે?**

આ જોગવાઈનો ભંગ કરવામાં આવે ત્યાર વ્યક્તિ ઉપર જેટલી રકમની લોનની ચુકવણી રોકડમાં કરવામાં આવી હોય તેટલી રકમનો દંડ થઈ શકે છે.

આજે આ લેખમાં રોકડમાં ચૂકવવામાં આવતા ધંધાકીય ખર્ચ, લેવામાં આવતી લોન તથા પરત કરવામાં આવતી લોન સંદર્ભે નિયમોની ચર્ચા કરી છે. આગામી અંકમાં રોકડ સંદર્ભે ખૂબ મહત્વની જોગવાઈ અંગે ચર્ચા કરવામાં આવશે. આ લેખ અંગે આપના કોઈ પ્રશ્ન હોય તો આપ adv.bhavyapopat@gmail.com પર મોકલી શકો છો.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૦૯.૧૦.૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

**(અનુસંધાન)**

### શરૂ કરવામાં આવી છે 'બાયોમેટ્રિક' પદ્ધતિ....

સ્થળ ઉપર જ રૂબરૂ જવાનું રહશે. પરંતુ તમામ પ્રકારના કરદાતાઓ માટે આ પદ્ધતિ દ્વારા વેરિફિકેશન ફરજિયાત નહીં હોય પરંતુ રિસ્ક બેઇઝ પેરામીટર પર રિસ્કી ગણાય તેવા કરદાતા માટે જ આ પદ્ધતિ લાગુ રહેશે. જો કે આ બાબતે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી ખુલાસાઓ આવે તે જરૂરી છે. આ પદ્ધતિ કરચોરી રોકવામાં કેટલી કારગર સાબિત થાય છે તે તો આવનારો સમય જ બતાવશે પરંતુ એક બાબત ચોક્કસ છે કે હાલ નવા નોંધણી દાખલા મેળવવા અરજી કરતાં કરદાતાઓએ ખાસ કરીને આ ૧૨ સ્થળો પર રહેતા કરદાતા સિવાયના કરદાતાઓએ દૂર જવાની તૈયારી રાખવાની રહેશે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# All about Hotels..Provisions for Hotels under the Goods Services Tax Act, 2017



By Bhavya Popat, Advocate

Hospitality industry is one of the fastest growing industry in the Country. Like any other manufacturing, trading service Sector, post implementation of Goods Services Tax, the hospitality industry has also seen major changes in the Tax Structure. The industry had to adjust to the new regime and change the way of its operations. In this article, I have tried to explain points and issues concerning to the Hospitality Industry.

1. Classification HSN/SAC Code:

There are basically two categories of services included in hospitality industry.

1. Accommodation service
2. Restaurant Service

Both the services are covered under the heading 9963 under the classification of services. The chapter of both the service covered is 99 and the heading is 63. The service code of the both are different.

1. Accommodation service 9963 11
2. Restaurant Service 9963 31

2. History and amendments of G.S.T. rates on Restaurant and hotel accommodation:

| Sr No. | Restaurant/Hotel | Date of Effect | Notification No | Changes Effected |
|---|---|---|---|---|
| 1 | Restaurant | 01.07.2017 | 11/2017 (Rate) | From 01.07.2017, the GST rate was 12% for the Restaurant neither having Air Conditioner or Central Air Heating facility nor serving Liquor. For the Restaurant having Air Conditioner or Central air heating facility or serving Liquor, the rate of GST was 18%. In both the rates structure, the ITC was available to the Restaurant. |
| 2 | Restaurant | 14.11.2017 | 46/2017 (Rate) | From 14.11.2017, there has been tactical shift in the changing of GST on Restaurant. For any restaurant, which is not part of a Hotel (Residential) the rate of GST shall be 5%. For Restaurant situated within the Hotel (Residential) two GST rate Structure 1. Declared Tariff of any room of Hotel is 7500 and above, the GST rate on the Restaurant within such hotel shall be 18%. ITC shall be available to such restaurant. 2. Declared Tariff of any room or hotel is up to 7499/-, the rate of GST on Restaurant within such hotel shall be 5%. But, the Input Tax Credit of the same shall not be available. |
| 3 | Hotels | 26.07.2018 | 13/2018 (Rate) | For determining the rate of GST on room rents, the concept of Declared tariff has been omitted and replaced by the Value of Supply |
| 4 | Hotels | From 01.07.2017 to 30.09.2019 | 11/2017 (Rate) | Rate on Hotel Accommodation Room Tariff GST Rate Up to 999/ NIL 1000-2499/- 12% 2500-7499/- 18% 7500 and above 28% |
| 5 | Hotels | From 01.10.2019 | 20/2019 (Rate) | Rate on Hotel Accommodation Room Tariff GST Rate Up to 7500/- 12% Above 7500 18% |
| 6 | Hotels | From 18.07.2022 | 03/2022 (Rate) | Exemption for hotel accommodation up to tariff 999/- omitted. |

There are many question that has been frequently asked to the Tax Professionals. I have tried to sum up some of the most frequently asked question from the hotel and industry.

**Frequently Asked Questions:**

1. Has the Declared Tariff any concerns with respect to the determination of the rate of GST on Hotel room rent presently?
   **Answer:** No, Presently the declared tariff has got no relevance with the determination of the GST rate on Hotel room rent. Presently the rate of GST on room rent is determined by the value of supply of a unit of accommodation.
2. Has the Declared Tariff any concerns with respect to the determination of the rate of GST on Restaurant presently?
   **Answer:** Yes, the rate of Restaurant, situated within a hotel (Residential) is determined by declared tariff of that particular hotel.
3. The declared tariff of our client hotel is 7600 during Diwali days. Although no booking was done at rates over 7500/-. Would he be liable to pay GST on restaurant 18%?
   **Answer:** Yes, for the determination of rates for restaurant, the declared tariff is important. Once the declaration is over 7500/- the liability to pay GST would be at 18%.
4. It is possible and practical to make an rental agreement and separate the restaurant portion so as to take the benefit of 5% rate under GST, even in situation where the room rent goes over 7500/-?
   **Answer:** No, it is not possible and practical to make an rental agreement and separate the restaurant portion as the key thing determining the rate is ""Specified Premises" Once the restaurant is situated within the ""Specified Premises", i.e. the hotel, it will be treated as one unit only.
5. One has the option to select the GST rate of 18% and claim credit even though the restaurant is not in specified premises?
   **Answer:** No, The Restaurant has not got any option to select the rate of 18% and have the option of claiming the Input Tax Credit. It is mandatory by law to opt for 5% GST rate for them.
6. Do hostel providing services to students enjoy any exemption under GST?
   **Answer:** No, the hostel do not have any specific exemption. After the removal of the exemption of room rent for hotel accommodation, up to 999/-, it becomes necessary to plan the GST for hostels. If the services of hostel is provided by an educational institution to its students, they may claim the exemption under entry 66 of rate notification 12/2017, dt. 28.06.2017.
7. I have charged tariff of Rs 6000/- per room. The extra person cost comes to Rs 1500/-. Thus, the room charge along with extra person is 7500/-. Would I be liable to be taxed at 18% or 12%?
   **Answer:** You will be liable to pay GST 18% as the value of supply for a particular unit (Room) has been 7500/- or more. It is important to note that now the total revenue fetched by a room is to be taken care of for determining the rate under the GST Regime.
8. I have sold a package in AP (American Plan) which includes all the meals for a couple for Rs. 9000/- including extra person. Out of these, my room tariff is 4500/- and rest of the 4500/- is towards the food, i.e. Breakfast, Lunch and Dinner. Will I be liable to be taxed at 18% or 12%?
   **Answer:** When a room is sold as a package, the said supply of service is to be treated as Composite Service where the main supply would be Hotel Accommodation. Here the value of supply of a unit shall be said to be 7500 or more and 18% GST shall be applicable on such transection.
9. I am selling a package of Rs 5000/- on CP (Room with Breakfast) basis. Out of the amount of Rs 5000/- Room charges are 4500/- and breakfast charges are 500/. Do I have to charge 12% GST on whole amount of Rs 5000/- or I have an option to segregate 4500/- as GST on room taxed at 12% and 500/- as under restaurant service?
   **Answer:** No, you don't have the option to segregate both service when sold as a package. Your hotel is selling a package which shall constitute Composite service. In case of Composite service the rate of principle service shall be applicable and thus, the liability of GST shall be 12% on amount of package i.e. 5000/-
10. What are the rates on Outdoor catering presently?
    **Answer:** The rates on Outdoor catering has been made parallel to restaurant service. Broadly speaking the rate on GST on Outdoor catering other than the specified premises is 5% without ITC. Whereas the rate on Outdoor catering in Specified Premises is 18% with ITC. Here specified premises shall have the same meaning as per the restaurant services.
11. Is there an option for the restaurant to opt for Composition?
    **Answer:** Yes, Restaurant do have an option to opt for composition. In such case the rate of GST will be 5%. But in my personal view it is normally not prudent to Opt for composition for restaurant business, as the rate of tax are 5% in both Composition and Non Composition. If a restaurant has opted for composition, they shall not be eligible to charge GST from its customers. On the other hand, the restaurant having not opted for composition can charge the 5% GST from the customers.

These are my views on GST on Hotels and Restaurant. I hope this article may prove helpful to tax fraternity and also the businessmen. In my view, the changes under the GST for this sector has created many confusion. There is lack of clarity in many matters in the industry. FAQ has been specifically meant to clarify some of the important questions from the industry. I shall request readers to send any more such question and I shall try to reply or cover the same in updated version of the article.

(This article is also published in the Sales Tax Journal published by The Gujarat Sales Tax Bar Association)

# GST અંતર્ગત નવા ઉમેરેલા Rule 88D અને Rule 59માં એક કલોજ ઉમેરવામાં આવ્યો છે તેની સરળ ભાષામાં સમજુતી



By Prashant Makwana
(Dated 16.10.2023)

**પ્રસ્તાવના**

GST અંતર્ગત વેપારી GSTR-3B રીટર્ન દ્વારા ITC અવેઈલ (AVAILED) કરતા હોય છે. તારીખ ૦૧/૦૧/૨૦૨૨થી GSTR-2Bમાં જેટલી ITC બતાવતા હોય તેટલી જ ITC GSTR-3Bમાં અવેઈલ કરી શકાય પરંતુ ઘણી વખત કરદાતા GSTR-2B કરતા GSTR-3Bમાં વધારે ITC ક્લેમ કરતા હોય છે. GSTR-2B કરતા GSTR-3Bમાં વધારે ITC અવેઈલ અને યુટીલાઈઝ કરવામાં આવે ત્યારે સરકારને રેવન્યુ લોસ થતો હોય છે જયારે GSTR-2B કરતા GSTR-3Bમાં વધારે અવેઈલ કરવામાં આવે ત્યારે તેની ત્વરિત જાણકારી મળી જાય અને ત્વરિત ટેક્ષ ભરાય જાય તે માટે GSTમાં RULE-88D ઉમેરવામાં આવ્યો છે અને FORM DRC-01C જાહેર કરવામાં આવ્યું છે તેની સરળ ભાષામાં સમજુતી આ આર્ટીકલમાં આપવામાં આવી છે.

RULE-88D

૧. ટેક્ષ પીરીયડ માટે GSTR-3Bમાં ITC અવેઈલ (Availed) કરવામાં આવી છે તે વધારે હોય અને GSTR2Bમાં જે ITC બતાવે છે તે ઓછી હશે તો FORM GST DRC-01Cના PART-A દ્વારા E-MAIL અને GST PORTAL દ્વારા ટેક્ષ પેયરને જાણ કરવામાં આવશે અને કહેવામાં આવશે કે સાત દિવસમાં–

૧. ડીફરન્સનો ટેક્ષ વ્યાજ સાથે FORM DRC-03 દ્વારા ભરવામાં આવે

અથવા

૨. ટેક્ષના ડીફરન્સનું કારણ સમજાવવામાં આવે.

૨. નોંધાયેલ કરદાતાને જયારે ઈન્ટીમેશન મળે ત્યારે ઈન્ટીમેશનમાં જે સમય આપ્યો છે તે સમયમાં વ્યાજ સાથે ટેક્ષનો ડીફરન્સ છે તે પુરેપુરો DRC-03 દ્વારા ભરવામાં આવે અથવા અડધો ટેક્ષ ભરે અને બાકીના ટેક્ષના ડીફરન્સનું FORM DRC-01Cના PAR-B દ્વારા તેનું કારણ સમજાવવામાં આવે.

અથવા

FORM GST DRC-01 Cના PART-B માં ટેક્ષના ડીફરન્સનું કારણ ઈલેકટ્રોનીકલ GST પોર્ટલ પર જણાવવામાં આવે.

૩. RULE-88Dના SUB RULE-1ના ઈનટીમેશન મુજબ જો ટેક્ષ પેયર ટેક્ષનો ભરે અને ટેક્ષ ડીફરન્સનું કારણ પણ નો જણાવે અથવા જે કારણ કરદાતા દ્વારા જાણવામાં આવ્યું છે તે ટેક્ષ ઓફિસરને યોગ્ય નો લાગે તો તો SECTION-79 મુજબ ટેક્ષ રીકવરી ની પ્રોસેસ ઓફિસર દ્વારા શરુ કરવામાં આવશે.

RULE-59

(e) RULE-88Dની સાથે RULE-59માં એક ક્લોઝ ઉમેરીને બીજી એક કડક જોગવાઈ કરવામાં આવી છે. RULE-88Dના SUB RULE-1ના ઈન્ટીમેશન મુજબ જે ટેક્ષ પેયર ટેક્ષ નો ભરે અને ટેક્ષ ડીફરન્સનું કારણ પણ નો જણાવે તો ત્યાર પછીના ટેક્ષ પીરીયડ્સનું GSTR-1 અથવા IFF પણ ભરી શકાશે નહી.

# જી.એસ.ટી. હેઠળ મોટા પાયે આપવામાં આવેલ નોટિસો બાબતે અમદાવાદ ખાતે સેમિનારનું આયોજન

## ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ, ઈન્કમટેક્ષ બાર એસોસિએશન અને ધ ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે જીએસટી કાયદા અન્વયે સેમિનારનું આયોજન









તા. ૨૧.૧૦.૨૦૨૩: ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ, ઈન્કમટેક્ષ બાર એસોસિએશન અને ધ ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત ના સંયુક્ત ઉપક્રમે જીએસટી કાયદા અન્વયે સેમિનાર યોજાયો. એજીએફટીસી પ્રમુખ સીએ રવી શાહ, આઈટી બાર પ્રમુખ સીએ આશિષ ટેકવાની, ટાગ એડવોકેટ પ્રમુખ કિંજલભાઈ શાહ વક્તાશ્રી સીએ જનકભાઈ વાઘાણી અને એડવોકેટ શૈલેષભાઇ શેઠ, મુંબઈ ની ઉપસ્થિત માં આત્મા હોલ, અમદાવાદ ખાતે યોજાયો.

વક્તાશ્રી સીએ જનકભાઈ વાઘાણી અને એડવોકેટ શૈલેષભાઇ શેઠે જીએસટી કાયદા અન્વયે શૉ કોઝ નોટિસ ના કોમ્પ્લાયન્સ અંગે બંને વક્તાએ ઉમદા અને રસપ્રદ વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ સીએ વિશ્વેશ શાહ, સહયોગી એસોસિએશનના મંત્રી માં શ્રીધર શાહ, નૈતિક શાહ, જયકિશન પમનાની, અમિત સોની, પાસ્ટ પ્રેસિડેન્ટ ધ્રુવેન શાહ, ભરત શેઠ, આશુતોષ ઠક્કર, મિતીશ મોદી, વારીશ ઈશાની, કૌશલ વ્યાસ, કારોબારી સભ્યો, જનરલ સભ્યો, આમ અમદાવાદ, ભાવનગર, સુરત, આણંદ, નડિયાદ, ગુજરાતભર ના ટેક્ષ વ્યવસાયિઓ મોટી સંખ્યામાં જોડાઈ આ સેમિનાર ને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

## 14.10.2023
### Goods & Services Tax

**અમારા અસીલનું અવસાન થયેલ છે. તેઓના અવસાન બાદ તેઓને જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી શો કોઝ નોટિસ મળેલ છે. સર્વિસ ટેક્સ હેઠળ એવા ચૂકદાઓ છે જ્યાં એવું ઠરાવવામાં આવ્યું છે કે કરદાતાના મૃત્યુ પછી આપવામાં આવેલ નોટિસ રદ્દ ગણાય. શું જી.એસ.ટી. હેઠળ આવા કોઈ ચૂકદાઓ છે? – જગદીશ વ્યાસ એન્ડ એસોસીએટ્સ, ડીસા**

જવાબઃ આ બાબતે આપ જી.એસ.ટી. કાયદાની કલમ ૯૩ નો રેફરન્સ લઈ શકો છો. જો શો કોઝ નોટિસ મૃત વ્યક્તિના નામ પર હોય, તો આ નોટિસ અયોગ્ય કહેવાય, પરંતુ જો આ શો કોઝ નોટિસ મૃત વ્યક્તિના વારસદાર પર હોય તો નોટિસ માન્ય ગણાય તેવો અમારો મત છે. આ બાબતે જી.એસ.ટી. કાયદા હેઠળના ચૂકદા ધ્યાનમાં નથી.

**અમારા અસીલ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષમાં જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશન સ્કીમ હેઠળ વેરો ભરવા જવાબદાર હતા. તેઓનું ટર્નઓવર ૧ કરોડ ઉપર થઈ જતાં વધારાના ટર્નઓવર ઉપર રેગ્યુલર સ્કીમ મુજબ તફાવતનો વેરો ભરી આપેલ છે. આ વેરો ભરવા અંગે તેઓને DRC 01માં નોટિસ આપવામાં આવેલ હતી. શું અમારા અસીલ આ DRC 1 ને હવે અપીલમાં પડકારી શકે? શું તેઓએ આ સામે અપીલ કરવી હોય તો કોઈ આદેશ લેવો જરૂરી બને કે DRC 1 સામે જ અપીલ થઈ શકે. – વિધિ વ્યાસ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ સામાન્ય રીતે DRC 03 એ મરજિયાત ભરણું ગણાય અને તેની સામે અપીલ થઈ શકે નહીં. પરંતુ જ્યારે DRC 03 ''અંડર પ્રોટેસ્ટ'' ભરેલ હોય તો અપીલ થઈ શકે તેવો અમારો મત છે. આ બાબતે M/s. Samyak Metals Pvt. Ltd. v. Union of India and Others CWP No.26529 of 2022 dated May 24, 2023 નો ચુકાદો ઉપયોગી થઈ શકે છે.

**અમારા અસીલ વેટ કાયદા હેઠળ ૦૬.૨૦૧૭ના રોજ ક્રેડિટ ધરાવતા હતા. આ ક્રેડિટ અંદાજે ૧ લાખ જેવી હતી. અમારા અસીલ Tran 1 ફોર્મ ભરવામાં નિષ્ફળ ગયા હતા. આમ, છતાં અમારા અસીલ દ્વારા આ ક્રેડિટ ક્રેડિટ લેજરમાં ૩ઈ દ્વારા લઈ લેવામાં આવી હતી. હવે આ રકમ બાબતે અમારા અસીલને DRC-01ની નોટિસ આવેલ છે. શું આ બાબતે અપીલ કરી લડત આપવી હિતાવહ લાગે છે? – વિધિ વ્યાસ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ સામાન્ય રીતે Tran 01 ભરેલ ના હોય આ અંગે હાલ અપીલ કરવામાં જીતવાની તકો ઓછી રહેલી છે. કોઈ 'ટેકનિકલ ગલિચ'ના કારણે Tran 1 ભરવામાં તકલીફ થયેલ હોય અને આ 'ટેકનિકલ ગલિચ' થઈ હોવાના પુરાવા ઉપલબ્ધ હોય તો અપીલ કરવામાં રાહત મળવાની સંભાવના રહેલી છે. આ બાબતે Nodal Officer, Jt. Commissioner Vs Das Auto Centre (Calcutta High Court),નો ચુકાદો ઉપયોગી બની શકે છે.

**અમારા અસીલ સિમેન્ટ વેચાણની એજન્સી ધરાવે છે. તેઓ ઘણીવાર જે ભાવે ખરીદી કરે છે તે જ ભાવે વેચાણ કરી આપે છે. ત્યારબાદ તેઓને કંપની દ્વારા ક્રેડિટ નોટ આપવામાં આવે છે. આ ક્રેડિટ નોટની રકમ ઉપર શું જી.એસ.ટી. ભરવાની જવાબદારી અમારા અસીલની આવે? કંપની દ્વારા આપવામાં આવતી ક્રેડિટ નોટમાં કોઈ જી.એસ.ટી. લગાડવામાં આવતો નથી. – નિમેશ પરિખ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ આપના અસીલના કિસ્સામાં એવું લાગી રહ્યું છે કે સિમેન્ટ કંપની દ્વારા આપના અસીલને જી.એસ.ટી. કાયદાની કલમ ૩૪ હેઠળ ક્રેડિટ નોટ આપવાના સ્થાને કોમર્શિયલ ક્રેડિટ નોટ આપેલ છે. આ કિસ્સામાં કંપની દ્વારા પોતાની જી.એસ.ટી. જવાબદારી ઘટાડેલ ના હોય આપના અસીલની વેરો ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૭૩ હેઠા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ની આકારણી કરવાની સમય મર્યાદા તથા નોટિસ આપવાની મર્યાદા કઈ ગણી શકાય? ધ્રુવી શાહ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮ માટે કલમ ૭૩ હેઠળ આકારણી આદેશ પસાર કરવાની મર્યાદા ૩૧.૧૨.૨૦૨૩ ગણવાની રહે જ્યારે શો કોઝ આપવા માટે ૩૦.૦૯.૨૦૨૩ સમય મર્યાદા ગણવાની રહે તેવો અમારો મત છે.

**અમારા અસીલનું ટર્નઓવર ૨૦ લાખ કરતાં ઓછું છે. તેઓ ફરજિયાત જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર નથી. તેઓના દ્વારા પોતાનો વેચાણ કરેલ માલ પોતાની ગાડી માંજ મોકલવામાં આવતો હોય છે. આ માલના વાહન સાથે ક્યાં દસ્તાવેજો રાખવા જરૂરી છે. – ભાવેશકુમાર પી. ડાંગી**

જવાબઃ આપના અસીલ જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો લેવા પાત્ર ના હોય ત્યારે તેઓના માલ વહન સાથે પાકું બિલ (જી.એસ.ટી. નંબર વગરનું) તથા જો ખરીદનાર નોંધાયેલ વેપારી હોય તો તેઓ દ્વારા જનરેટ કરવામાં આવેલ E Way બિલ રાખવું જરૂરી છે.

## 07.10.2023
### Goods & Services Tax

**અમારા અસીલ ખાતરનું ઉત્પાદન કરે છે. તેઓ દ્વારા ગુજરાત બહારથી IGST ચૂકવી માલની ખરીદી કરવામાં આવે છે જ્યારે તેઓનું વેચાણ ગુજરાત રાજ્યમાં CGST તથા SGST ઉઘરાવી કરવામાં આવે છે. આ સંજોગોમાં તેઓની CGSTની ક્રેડિટ જમા રહે છે અને દર વખતે SGST ભરવાનો આવે છે. આ સંજોગોમાં મેન્યુલી ટેક્સ સેટ ઓફ કરવાનો કોઈ વિકલ્પ ખરી, જે વિકલ્પ વડે જે ક્રેડિટ હાલ પડે છે તેનો ઉપયોગ કરી શકાય? – પરેશ જે પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ, વિજાપુર**

જવાબઃ હા, આપે મેન્યુલી IGSTની જવાબદારી સામે CGST અને SGSTનો સરખો ઉપયોગ કરવાનો વિકલ્પ લઈ શકો છો. આ વિકલ્પ કાયદાકીય રીતે સાચો જ છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ નું વાર્ષિક ટર્નઓવર ૧૨ કરોડથી વધારે છે ૨૦૨૨-૨૩ માં 3બી B2CS માં ૬લાખ નું વેચાણ બતાવવાનું રહી ગયું છે. તો હવે અમો વાર્ષિક રીટર્ન GSTR 9માં ડાયરેક્ટ બતાવી આપી DRC-03થી પેમેન્ટ કરી દઈએ તો ચાલે કે ૨૦૨૩-૨૪ ના સપ્ટેમ્બર માસના રિટર્ન માં બતાવવુ ફરજિયાત છે. જે બાબતે યોગ્ય માર્ગદર્શન આપવા મેહરબાની કરશો. – પરેશભાઈ ઠાકોરભાઈ દરજી, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ આ અંગે આપની પાસે બન્ને વિકલ્પ ઉપસ્થિત છે. જો આપના દ્વારા GSTR 1માં આ વેચાણ દર્શાવેલ હોય અને માત્ર GSTR 3Bમાંજ આ વેચાણ દર્શાવવાનું રહી ગયું હોય તો DRC 03 દ્વારા આ રકમ ભરપાઈ કરી આપવી જોઈએ. આમ કરવાથી આગામી નાણાકીય વર્ષમાં આ ભૂલની અસર આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ રશિયાથી ડાયમંડ લેબર કામ માટે ભારતમાં લાવે છે. આ લેબર કામ કરી તેઓ ફરી આ ડાયમંડને રશિયા મોકલી આપે છે. આ વ્યવહારમાં મારા અસીલની જી.એસ.ટી. ની શું જવાબદારી આવે? – ગોપાલ જી. ભેસનણીયા, સુરત**

જવાબઃ આપના અસિલે સૌપ્રથમ જ્યારે માલ ભારતમાં લેબર માટે આવે ત્યારે ઈમ્પોર્ટ ઉપર IGST ભરવાનો રહે. આપના દ્વારા જ્યારે લેબર કામ કરી પરત મોકલવામાં આવે ત્યારે આ એક્સપોર્ટ ઓફ સર્વિસ ગણાય અને તમે ભરેલ IGSTનું રિફંડ LUT દ્વારા અથવા વિથ પેમેન્ટ મેળવી શકાય તેવો અમારો મત છે.

### Income Tax

**અમારા અસીલ ત્રણ વર્ષ માટે મેડીક્લેઈમની રકમ એક જ વર્ષમાં સાથે ભરી આપે છે. શું તેઓને આગામી ત્રણ વર્ષ માટે મેડિક્લેમનો લાભ મળે?**

જવાબઃ મેડીકલ પ્રીમિયમ જે વર્ષમાં ભરવામાં આવ્યું હોય તે જ વર્ષમાં તેનું ઈન્કમ ટેક્સ કલમ 80 D અન્વયે ડિડકશન બાદ મળે તેવો અમારો મત છે.

## 30.09.2023
### Goods & Services Tax

**અમારા અસીલના 26AS માં 94R તરીકે TDS દર્શાવે છે. આ રકમ ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે? શું આવે તો આ રકમ અંગે B2Bમાં બીલ દર્શાવવાનું રહે? જી.એસ.ટી. ક્યાં દરે લાગુ પડે? – નિલેષભાઈ લાખાણી, કોડીનાર**

જવાબઃ હા, ઈન્કમ ટેક્સ હેઠળ 94R તરીકે જે રકમ દર્શાવેલ છે તે રોકડ સિવાય અન્ય સ્વરૂપે આપવામાં આવેલ સવલતો બાબતે છે. આ રકમ ઈન્સેંટિવ પ્રકારની ગણી તેના ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. આ વ્યવહારને B2B ઈંવોઈસ બનાવી જે કંપની દ્વારા આ TDS કરવામાં આવ્યો હોય તેના નામનું B2B બિલ બનાવવું જોઈએ. જી.એસ.ટી. એ સન્યા સેવા પ્રકાર ગણી ૧૮% લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ એક જ PAN ઉપર બે જી.એસ.ટી. નોંધણી ધરાવે છે. શું તેઓ પોતાના એક જી.એસ.ટી. નોંધણી દાખલા ઉપરથી અન્ય નોંધણી દાખલામાં સ્ટોક ટ્રાન્સફર દ્વારા જી.એસ.ટી. ભર્યા વગર વ્યવહાર કરી શકે? – રૂપેશ મહેતા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ના, એક જ PAN ઉપર લેવામાં આવેલ બે અલગ અલગ નંબર 'ડીસ્ટિંક્ટ પર્સન' ગણાય અને એક બીજા સાથે વ્યવહારો સ્ટોક ટ્રાન્સફરના ગણાતા વેચાણ જ ગણાય તેવો અમારો મત છે. આ વ્યવહાર ઉપર સામાન્ય દરે જ જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલનો જી.એસ.ટી. નંબર ઓગસ્ટમાં આવેલ છે. તેઓનું ટર્નઓવર સપ્ટેમ્બર મહિનામાં ૫ કરોડથી ઉપર થઈ ગયું છે. પ્રશ્ન એ છે કે ઈ ઈંવોઈસનો નિયમ આ વર્ષથી લાગુ પડે કે આવતા વર્ષથી? – નિમેષ પરિખ, જુનાગઢ**

જવાબ; ના, આપના અસીલનું ટર્નઓવર ૫ કરોડથી જે નાણાકીય વર્ષમાં વધ્યું હોય તેના પછીના નાણાકીય વર્ષથી ઈ ઈંવોઈસ બનાવવા ફરજિયાત બની જાય છે.

**અમારા અસીલ કંપોઝીશનની પરવાનગી ધરાવે છે. તેઓ ગવર્નમેંટના ટેન્ડર ભરી તેના કોન્ટ્રાક્ટનું કામ કરે છે. આ કામોમાં સરકાર દ્વારા TDS (જી.એસ.ટી) કાપવામાં આવે છે. શું કંપોઝીશનના કામોમાં પણ TDS કપવો ફરજિયાત છે? – નિમેષ પરિખ, જુનાગઢ**

જવાબઃ હા, જી.એસ.ટી. TDS કાપવાની જવાબદારી તમામ નોંધાયેલ વ્યક્તિઓ માટે લાગુ પડે તેવો અમારો મત છે.

## 16.09.2023
### Goods & Services Tax

**અમારા અસીલ પેટ્રોલ પંપ ધરાવે છે. તેઓનું ટર્નઓવર અંદાજે ૬૦ કરોડ જેવુ છે. તેઓને ૦૧.૦૪.૨૦૨૧ થી e invoiceના નિયમો લાગુ થઈ જાય છે. તેઓને જી.એસ.ટી. લાગુ પડે તેવી ટ્રાન્સપોર્ટેશન આવક થાય છે જે RCM હેઠળ કરપાત્ર છે. આ ઈ ઈંવોઈસ અંગે અમારા નીચે મુજબ પ્રશ્નો છે.**
**અમોએ હાલ સુધી આ ઈંવોઈસ જનરેટ કર્યા નથી તો શું જૂના RCMના બિલો હવે ફરી જનરેટ કરી આપવા જોઈએ?**
**અમો જૂના ઈંવોઈસ જનરેટ કરીએ તો ચાલુ જી.એસ.ટી. રિટર્ન માં આ તમામ બિલો દર્શાવાશે. શું આ ઈંવોઈસ ડિલીટ કરી નાંખવા જોઈએ? આમ કરવાથી શું સામે વાળાના RCM ઈંવોઈસમાં કોઈ તકલીફ થાય? – મિકુલ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ અમદાવાદ**

જવાબઃ હા, અમારા મત મુજબ જે જૂના ઈંવોઈસ હાલ જનરેટ કરેલ નથી તે હવે કરી આપવા જોઈએ. જૂના ઈંવોઈસ જે ચાલુ મહિનાના GSTR 1માં દર્શાવશે તેને ડિલીટ કરી શકાય. આમ કરવાથી RCMની જવાબદારી જ આવતી હોય સેવા મેળવનારને કોઈ તકલીફ થાય નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલનું ઓડિટ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૦-૨૧નું સેંટરલ જી.એસ.ટી. ડિપાર્ટમેંટમાં ચાલુ છે. અમારા અસીલ NIL રેટેડ વેચાણ દર્શાવેલ છે. અમોએ કરેલ ખરીદી એ ટેકસેબલ ખરીદી છે અને તેની ઈન્પુટ ક્રેડિટ લેજરમાં પડી છે. આ પૈકી અમે કોઈ ક્રેડિટનો વપરાશ કરેલ નથી. આ ક્રેડિટ ૨૦૨૨ માં એક સાથે રિવર્સ કરેલ છે. અધિકારીનો અભિપ્રાય એવો છે કે ક્રેડિટ મોડી રિવર્સ કરી છે માટે કલમ ૭૪ હેઠળ પેનલ્ટી લાગુ પડે. આ અંગે શું લાભ મળી શકે તે અંગે માર્ગદર્શના આપશો. – ધવલ ખખર, ટેક્સ કન્સલ્ટન્ટ, રાજકોટ**

જવાબઃ ખોટી માંગવામાં આવેલ પરંતુ વાપરવામાં ના આવેલ ક્રેડિટ બાબતે કલમ ૭૪ હેઠળ પેનલ્ટી લાગી શકે નહીં તેવો અમારો મત છે. આ બાબતે મદ્રાસ હાઈકોર્ટનો મેસર્સ. 'આથી હોટેલ'ના કેસમાં કરદાતાની તરફેણમાં ચુકાદો આપવામાં આવેલ છે. આ બાબતે અધિકારી દ્વારા પેનલ્ટી કરવામાં આવે તો અપીલમાં જઈ રાહત મેળવવાનો વિકલ્પ લઈ શકાય.

### -: ખાસ નોંધ :-

૧. જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.






# જી.એસ.ટી. હેઠળ રજીસ્ટ્રેશન માટે શરૂ કરવામાં આવી છે 'બાયોમેટ્રિક' પદ્ધતિ કરચોરી રોકવામાં થશે મદદરૂપ કે માત્ર કરદાતાઓ માટે વધેશે ધરમધક્કા??

## રાજ્યમાં ૧૨ 'બાયોમેટ્રિક' કેન્દ્રો જાહેર કરવામાં આવ્યા. નવા નંબર મેળવવા કરદાતાએ વ્યકિતગત રીતે જવું પડશે આ શહેરોમાં વેરિફિકેશન માટે

તા.૨૫.૦૯.૨૦૨૩ જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી જી.એસ.ટી. ડિપાર્ટમેંટ માટે બોગસ નોંધણી દાખલા સૌથી મોટી સમસ્યા બની રહી છે. આ સમસ્યાને નાથવા સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે પરંતુ આ સમસ્યાનો અંત આવવાનું નામ લેતી નથી. હવે આ બોગસ નોંધણી દાખલા આપવા અટકાવવા એક નવી પદ્ધતિ લાગુ કરવામાં આવી રહી છે. આ પદ્ધતિ અનુસાર નવા જી.એસ.ટી. નંબર માટે અરજી કરતાં કરદાતાએ નોંધણી દાખલો મેળવવાની વિધિના ભાગરૂપે 'બાયોમેટ્રિક વેરિફિકેશન' કરાવવું જરૂરી બની જશે. આ 'બાયોમેટ્રિક વેરિફિકેશન' માટે હાલ ગુજરાત રાજ્ય જી.એસ.ટી. દ્વારા ૧૨ સ્થળોએ જી.એસ.ટી. સુવિધા કેન્દ્રની પસંદગી કરવામાં આવી છે. આ ૧૨ સ્થળોમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાલનપુર, વડોદરા, ગોધરા, સુરત, વાપી, ગાંધીધામ, રાજકોટ, જુનાગઢ તથા ભાવનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતભરના કરદાતાઓએ પોતે નવા નોંધણી દાખલા મેળવવા માટે અરજી કરેલ હશે તો તેઓએ વ્યક્તિગત રીતે આ સ્થળો ઉપર જઈ પોતે આપેલ હોય તેવા ધંધાકીય પુરાવાઓનું 'બાયોમેટ્રિક વેરિફિકેશન' કરાવવાનું રહેશે. કરદાતાએ પોતાના પસંદગીના સમય પ્રમાણે આ સ્થળો ઉપર જવાનું રહેશે 'વેરિફિકેશન' કરાવવાનું રહેશે. હા, કરદાતાએ પોતાને મેસેજમાં તથા ઈ મેઈલમાં જણાવવામાં આવ્યું હોય તે સ્થળ ઉપર જ આ વિધિ માટે જવાનું રહેશે. TRNમાં દર્શાવેલ હોય તે સમયમર્યાદા સુધીમાંજ આ વિધિ કરદાતાએ પૂર્ણ કરવાની રહેશે. આ પદ્ધતિ કેટલી સફળ નીવડશે એ બાબતે વાત કરતાં ટેક્સ ટુડે એક્સપર્ટ લલિત ગણાત્રા જણાવે છે કે ''રાજ્ય જી.એસ.ટી. દ્વારા જે ૧૨ સ્થળોએ બાયોમેટ્રિક વેરિફિકેશન શરૂ કરવાની જાહેરાત થયેલ છે તે મારા મત પ્રમાણે માત્ર સ્ટેટ જી.એસ.ટી. માં પડતી હોય તેવી અરજી નેજ લાગુ પડશે તેવું હું માનું છું. આ સિવાય કોઈ અરજી સેન્ટરલ જી.એસ.ટી.માં પડતી હોય તો તેના માટે હજુ સેંટરલ ડિપાર્ટમેંટ તરફથી ખુલાસો આવે તેવી સંભાવના છે. આ પદ્ધતિના કારણે દૂર નાના નાના શહેરો અને ગામડાઓના કરદાતાઓએ દૂર સુધી ધક્કા ખાવા પડશે તે ચોક્કસ લાગી રહ્યું છે. ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસથી વિરુદ્ધ આ પદ્ધતિ સાબિત થઈ શકે છે તેવું હાલ લાગી રહ્યું છે''. સ્ટેટ જી.એસ.ટી. ડિપાર્ટમેંટના વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ નવા નોંધણી દાખલો લેવા માટે અરજી કરેલ હોય તેવા કરદાતાએ આ બાયોમેટ્રિક વેરિફિકેશન માટે રૂબરૂ પોતે જે અરજી કરેલ હોય તે ક્ષેત્રાધિકાર હેઠળના વેરિફિકેશન

(અનુસંધાન બીજા પાને)

◆ Year: 7, ◆ Issue No.12, ◆ Continue Issue No.84, ◆ Date: 21/10/2023, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.